ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પાટનગરમાં સોમવારે રાજતિલક સમારોહ

## નવા મંત્રીમંડળની શપથવિધિ માટેની તૈયારીઓ પૂરજોશમાં : ત્રણ સ્ટેજ સાથેનો મંડપ બંધાશે





ગાંધીનગર, તા.૯

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીની પરિણામો જાહેર થઈ ગયા બાદ પાટનગરમાં નવી સરકારની રચના માટેની ગતિવિધિઓ વેગીલી બની છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે તેમની સરકારના મંત્રીમંડળના સભ્યો સાથે સરકારના રાજીનામાનો પત્ર મહામહિમ રાજ્યપાલશ્રીને સોંપ્યો છે. જેનો રાજ્યપાલશ્રી દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે.

બીજી તરફ ૧૪મી વિધાનસભાનું વિસર્જન કરતા હુકમો આજે રાજ્યના રાજ્યપાલશ્રીએ જાહેરનામા દ્વારા કરી કરી દીધા છે.

ગાંધીનગર શહેરમાં સોમવારે હેલીપેડ ખાતે નવા મંત્રીમંડળનો શપથવિધિ સમારોહ યોજવામાં આવશે. આ અંગે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

શનિવારે ભાજપના નવા ચૂંટાઈને આવેલા ધારાસભ્યોની પ્રથમ બેઠક કેન્દ્રીય નિરીક્ષકો રાજનાથસિંહ, બી. યેદીરૂપ્પા અને કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડાની ઉપસ્થિતિમાં મળશે. જેમાં પક્ષના નેતાની વરણી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે નવી સરકારમાં મંત્રીમંડળ દ્વિસ્તરીય હશે કે ત્રિસ્તરીય હશે તે કેન્દ્રીય મોવડીમંડળ સાથે ચર્ચા કર્યા બાદ મુખ્યમંત્રી દ્વારા નિર્ણય લેવામાં આવશે.

મંત્રીમંડળમાં હાલ ૨૪ સભ્યોનું બનશે. જેમાં ૧૧ કેબિનેટ અને ૧૩ રાજ્યકક્ષાના મંત્રીઓ હશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. જોકે નવા મંત્રીમંડળની રચનામાં ૨૦૨૪માં યોજાનાર લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે.

સામાન્ય વહીવટી વિભાગ દ્વારા હાલ ત્રણ સ્ટેજ સાથે શપથવિધિનો શામિયાણો ઉભો કરવાની કવાયત ચાલી રહી છે. જેમાં એક સ્ટેજ પર પ્રધાનમંત્રી મોદી તેમજ અન્ય રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સહિત રાજકીય નેતાઓ હશે. બીજા સ્ટેજ પર વિવિધ ધર્મોના ધર્મગુરૂઓ હશે જ્યારે મુખ્ય સ્ટેજ પર પદનામિત મુખ્યમંત્રી અને પદનામિત મંત્રીઓ અને મહામહીમ રાજ્યપાલશ્રી હશે.


શપથવિધિ સમારોહ માટેની તૈયારીઓ વેગીલી બની ગઈ છે અને રવિવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં તેને આખરી ઓપ આપી દેવામાં આળશે તેમ મનાઈ રહ્યું છે.

### મંત્રીમંડળના સંભવિત ચહેરાઓ

ગાંધીનગર, તા.૯

નવી સરકારની રચનાને લઈ નવા મંત્રીમંડળમાં કોનો-કોનો સમાવેશ થવાની સંભાવનાઓ છે તેને લઈ પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ ચાલી રહી છે જેમાં અનુભવી અને સિનિયરોને સ્થાન આપવામાં આવશે તેમ મનાઈ રહયું છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત જયેશ રાદડીયા, રમેશ ટીલાળા, પુરસોત્તમભાઈ સોલંકી, કુંવરજીભાઈ બાવળીયા, રાઘવજી પટેલ, મુળુભાઈ બેરા, અમીત શાહ, જગદીશભાઈ પંચાલ, જીતુ વાઘાણી, કીરીટસિંહ રાણા, શંકર ચૌધરી, ઋષિકેશભાઈ પટેલ, અર્જુનસિંહ ચૌહાણ, પંકજ દેસાઈ, બાબુભાઈ ખાબડ, હર્ષ સંઘવી, ઈશ્વરસિંહ પટેલ, ગણપતભાઈ વસાવા, કનુભાઈ દેસાઈ, નીમીષાબેન સુથાર, શંભુપ્રસાદ ટુંડીયા, ડો.દર્શના દેશમુખના નામનો સમાવેશ થાય છે.



નવી સરકારની રચનાની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજભવન પહોંચ્યા હતા અને કેબીનેટ મંત્રીઓ સાથે રાજયપાલને રાજીનામું આપ્યું હતું. ૧૨મી ડીસેમ્બરે મંત્રીમંડળની શપથવિધિ યોજાશે.

### જિલ્લાની પાંચ બેઠકોના ૪૦ ઉમેદવારોની ડીપોઝીટ જપ્ત

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકના ૪૦ ઉમેદવારોની ડીપોઝીટ જપ્ત કરવામાં આવી છે. ગઈકાલે વિધાનસભા બેઠકોની યોજાયેલ મતગણતરીને અંતે ૪૦ ઉમેદવારોને મત ઓછા મળતાં તેમણે ભરેલ ડીપોઝીટ જપ્ત કરવાના હુકમો ચૂંટણી અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યા છે. જિલ્લામાં ભાજપ-કોંગ્રેસ સિવાય એકપણ ઉમેદવારની ડીપોઝીટ બચવા પામી નથી.

વિધાનસભાની પાંચ બેઠક પર ૫૦ ઉમેદવારો મેદાનમાં રહયા હતા. ૪૦ ઉમેદવારોને પંચના નિયમોની જોગવાઈ મુજબના મત પ્રાપ્ત ન થતાં તેમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવી છે.

# શહેર ઠંડુગાર : પારો ૧૦.૩ ડિગ્રી

## ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટા બાદ સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી : દિવસનુ તાપમાન પણ એક ડીગ્રી નીચે ઉતર્યુ : ઠંડીની અસરથી રાત્રિના સમયે સેકટરોની શેરીઓમાં સુનકાર : કેટલાક ઠેકાણે માવઠુ થવાની પણ સંભાવના : આગામી દિવસોમાં ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં આવી જશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં વાદળિયા વાતાવરણના અંતે હવે ઠંડીનુ જોર વધ્યુ છે. છેલ્લા બે દિવસથી ઠંડીનુ પ્રમાણ સતત વધતા આજે શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૦.૩ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ ઠંડીનો પારો અચાનક જ ૨ ડીગ્રી ઉંચકાયો હતો. ગાંધીનગર શહેર રાજયમાં સૌથી વધુ ઠંડુગાર પુરવાર થયુ હતુ. જયારે મહત્તમ તાપમાનમાં પણ એક ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી. દિવસે પણ ગરમીની અસર આછી થઈ ગઈ હતી જયારે સવારે અને ઢળતી સાંજ બાદ શહેરમાં આકરી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. ઠંડીની અસરથી સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં સન્નાટો છવાઈ ગયો હતો નગરના મુખ્યમાર્ગો પર પણ પાંખી અવરજવર જોવા મળી હતી. વધતી ઠંડીના લીધે નગરજનો પણ હવે રાત્રિના સમયે ઘરની બહાર જવાનુ ટાળે છે. સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓ પણ આકરી ઠંડીથી પ્રભાવિત છે.

ગાંધીનગરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે મોસમનો મિજાજ બદલાયો છે. રાજયના કેટલાક ભાગોમાં માવઠાની શકયતાઓ પણ સેવાઈ રહી છે. હવામાન તજજ્ઞોના મતે વાદળિયા વાતાવરણના લીધે આગામી દિવસોમાં વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળશે. જયારે આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે માવઠુ પણ પડશે બદલાતા વાતાવરણ વચ્ચે ઠંડી ઉગ્ર બનતી જાય છે. છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો ઉંચકાઈ રહ્યો છે. જયારે દિવસનુ તાપમાન નીચે ઉતરી રહ્યુ છે. ગઈકાલે પણ ઠંડીમાં આંશિક વધારો થયો હતો જયારે આજે લઘુત્તમ તાપમાનમાં ગઈકાલની સાપેક્ષમાં ૨ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો. ગઈકાલે ૧૨.૧ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે ઠંડીનો પારો ૧૦.૩ ડીગ્રી નોંધાયો હતો. અગાઉ સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી જેમાં પ્રારંભિક શિયાળે જ લઘુત્તમ તાપમાન ૧૦.૯ ડીગ્રી રહેતા નગરજનોએ શિયાળાની મોસમનો તીખો મિજાજ અનુભવ્યો હતો જયારે આજે ઠંડીનો પારો ૧૦.૩ ડીગ્રી અલબત્ત સિંગ્લ ડીઝીટ નજીક પહોંચી જતા નગરજનો સવારથી ઠંડીની અસરથી પ્રભાવિત જોવા મળ્યા હતા. સવારે પણ મોર્નિંગ વોક કરનારાઓ ઠંડીથી પ્રભાવિત રહ્યા હતા દિવસ દરમિયાન પણ ગરમીનુ જોર ઘટી ગયુ હતુ. દિવસનુ તાપમાન પણ ૧ ડીગ્રી નીચે ઉતરી ૨૯ ડીગ્રીએ આવી ગયુ હતુ. જો કે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ૧૯ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો.

વાદળિયા વાતાવરણના અંતે ઠંડીનુ જોર ધીમે ધીમે વધતુ જાય છે. આ સ્થિતિ વચ્ચે હવામાન વિભાગના જણાંવ્યા મુજબ કેટલાક ઠેકાણે માવઠુ થવાની પણ સંભાવના છે. ત્યારે આગામી દિવસોમાં ઠંડીનુ જોર હજુ પણ વધે તેવી પણ શક્યતા છે. ગાંધીનગર ધીમે ધીમે કાતિલ ઠંડીની ગિરફતમાં આવી રહ્યુ છે. નગરનુ જનજીવન પણ ઠંડીની અસરથી પ્રભાવિત છે. ઠંડી આકરી બનતા ગરીબ શ્રમિકોની હાલત કફોડી બનતી જાય છે. ખુલ્લામાં રહેતા શ્રમિકોને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગરમ કપડાનુ વિતરણ કરવાનુ પણ આયોજન કરી દેવાયુ છે. જયારે ઠંડીની સિઝન જમાવટ કરતા નગરના શોપિંગ બજારમાં ગરમ કપડાની ખરીદી પણ વધી છે. નગરજનો વહેલી સવારે અને રાત્રિના સમયે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. રાત્રિના ૧૦ બાદ શહેરના માર્ગો પર ઠંડીની અસરથી સન્નાટો છવાઈ જાય છે. જયારે અચાનક જ ઠંડી વધતા જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. બાળકો અને વૃધ્ધો પણ વધતી ઠંડીથી શરદી તાવ અને કફ ઉધરસની તકલીફોનો ભોગ બની રહ્યા છે.

# આંદોલનની ત્રિપુટી એક સાથે ગૃહમાં જોવા મળશે

## ૧૫મી વિધાનસભાના ગઠન પૂર્વે તેના સભ્યોની વણકથી વાતો



ગાંધીનગર, તા.૯

પાંચ વર્ષ પહેલા આંદોલનની ત્રિપુટી હવે ૧૫મી વિધાનસભામાં જોવા મલશે. પાટીદાર આંદોલનના નેતા હાર્દિક પટેલ, ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોર અને જીગ્નેશ મેવાણી નવી વિધાનસભામાં ચૂંટાઈને આવ્યા છે. અલ્પેશ ઠાકોર અને જીગ્નેશ મેવાણી બીજીવાર ગૃહના સભ્ય બનશે.

૧૫મી વિધાનસભાનું ગઠન ચૂંટણી પંચ દ્વારા ચૂંટાયેલા સભ્યોની યાદી સાથેનું જાહેરનામું એકાદ દિવસમાં પ્રસિદ્ધ કરશે. આ યાદી પછી વિધાનસભાના સચિવને મોકલવામાં આવશે તેમજ સરકારના સામાન્ય વહીવટ વિભાગને મોકલવામાં આવશે.

વિધાનસભાની પહેલી બેઠક મળે ત્યારથી તેની પાંચ વર્ષની મુદત ગણાશે. પ્રથમ બેઠક સરકારની રચના થયા પછી મળતી હોય છે. હાલ પાટનગરના રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ પ્રથમ સરકારની રચના કરાશે. ત્યારબાદ જાન્યુઆરી માસમાં કમુરતા ઉતરતાં જ વિધાનસભાની બેઠક બોલાવાશે અને તેમાં બે દિવસ ધારાસભ્યોની શપથસિધિ ચાલશે. તેમજ વિધાનસભાના નવા અધ્યક્ષની નિયુક્તિ કરવામાં આવશે.

આ નવી વિધાનસભાના નવા સભ્યોની વણકથી વાતો પણ જાણવા જેવી છે. આ નવી વિધાનસભામાં બે વિરેન્દ્રસિંહ છે. ૪ કિરીટભાઈ છે, ૩ અમીતભાઈ છે, બે ભૂપેન્દ્રભાઈ છે, બે કૌશિકભાઈ છે, બે ચેતન્યભાઈ છે તો બે મોહનભાઈ છે.

નવી વિધાનસબામાં ૭ સભ્યો ડોક્ટરેટની પદવી ધરાવે છે. જેમાં ત્રણ તબિબનો સમાવેશ થાય છે અને ૪ સભ્યો ડૉક્ટરેટ થયેલા છે.

બે વાઈસ ચાન્સેલરો છે. ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા, ડૉ. હર્ષદભાઈ પટેલ, જશપાલસિંહ પછી વધુ એક નિવૃત્ત આઈ.પી.એસ. આ ગૃહના સભ્ય બનશે. પી. સી. બરંડા એ નિવૃત્ત આઈ.પી.એસ. છે અને ભિલોડા બેઠક પરથી જીત્યા છે.

બે પૂર્વ મંત્રીઓ એક દસકા બાદ ગૃહમાં પ્રવેશ પામી રહ્યા છે. વી. ડી. ઝાલા અને પાનસિંહ ચૌહાણ એક દસકા બાદ ગૃહમાં પ્રવેશ કરશે.

આ ગૃહમાં સતત ૮મી ટર્મ માટે ચૂંટાઈ આવનાર બે સભ્યો છે. વડોદરાના યોગેશભાઈ પટેલ અને દ્વારકાના પબુભા માણેક ૮મી વખત ગૃહના સભ્ય બનશે. આ ઉપરાંત પુરુસોત્તમભાઈ સોલંકી ૭મી વાર, પંકજ દેસાઈ, જેઠાભાઈ ભરવાર અને આર. સી. પટેલ ૬ઠ્ઠી વાર ગૃહના સભ્ય બની સેવા આપશે.

આ વિધાનસભામાં બે પૂર્વ અધ્યક્ષો વિજયી બન્યા છે. ઈડર બેઠક પરથી રમણભાઈ વોરા અને માંગરોળ બેઠક પરથી ગણપતભાઈ વસાવા વિજયી બની આવ્યા છે.

આ વિધાનસભા ગૃહમાં પૂર્વ વિપક્ષી નેતા વિજયી બની આવ્યા છે. પોરબંદર બેઠક્પ પરથી અર્જુનભાઈ મોઢવાડિયા વિજયી બની આવ્યા છે. તો પૂર્વ સાંસદ તુષાર ચૌધરી ઉત્તર ગુજરાતની પિતાની બેઠક ખેડબ્રહ્માથી વિજયી બનીને આવ્યા છે.

વિધાનસભા ગૃહની બેઠક પૂર્વે સૌથી વધુ વય ધરાવતા સભ્યને પ્રોમોટ સ્પીકર બનાવવામાં આવશે. પહેલા તેમને રાજ્યપાલશ્રી શપથ લેવડાવશે. આ પછી પ્રોમોટ સ્પીકર નવા ચૂંટાયેલા સભ્યોને શપથ લેવડાવશે.

નવી વિધાનસભામાં બે મહિલા તબીબો ચૂંટાઈ આવી છે. ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં જરૂરિયાતને ધ્યાનમાં લઈ સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા નંખાશે

## વિવિધ નગર રચના યોજનામાં મુખ્યમાર્ગો પર ૭૫૦ જેટલા સ્ટ્રીટ લાઈટના પોલ લગાડાયા છે

ગાંધીનગર, તા.૯

ગામોમાં અજવાળું પાથરવા માટે પ્રત્યેક ગામના માર્ગો પર ગુડા દ્વારા લાઈટનું કામ હાથ ધરાશે જેને અનુલક્ષીને મુખ્ય માર્ગ પર ૬૦ થી ૧૨૦ વોલ્ટની સ્ટ્રીટ લાઈટનું ફીટીંગ કરવામાં આવશે સૂત્રો માંથી મળતી માહિતી મુજબ સ્થાનિક ગ્રામજનોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી સ્ટ્રીટ લાઈટ નાખવામાં આવશે જયારે તેના બીલ ની ચુકવણી ગ્રામ પંચાયત કક્ષાથી કરવામાં આવશે

ગુડાના ગ્રામ્ય વિસ્તારમાં અજવાળું પાથરવા એલઈડી લાઈટ નાખવામાં આવશે માર્ગ અને મકાન વિભાગ મુજબ ગુડા પણ એલ ઈ ડી લાઈટ લાગવાનુ આયોજન કરશે આગામી દિવસોમાં આ અન્વયે કામ હાથ ધરાશે જાન્યુઆરીના અંત સુધીમાં સમગ્ર આ કામગીરી પૂર્ણ કરી દેવાશે તેમ પણ જાણવા મળ્યું છે અગાઉ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં રિલાયન્સ ચોકડી રોડ, સહજાનંદ સિટી રોડ, ઉર્જાનગર, અક્ષર બંગલો રોડ, કોબા મેઈન રોડથી હાઈવે સુધીનો માર્ગ, ખ રોડની બાજુનો વિસ્તારમાં પણ લાઈટનું કામ કરવામાં આવ્યું હતું આ પ્રોજેક્ટ અંતગર્ત કોબા ગ્રામ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com